ISSN: 2319-202X

# પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓના શિસ્તભર્યા વર્તન વ્યવહારો

**પટેલ કલ્પેશભાઈ ટી.**

પ્રશિક્ષણાર્થી : એમ.એડ્. શિક્ષણ વિભાગ, VNSGU, , સુરત.

Mo. 9409418614 Email – kalpesh.patel141516@gmail.com

જીવનનું ઘડતર કરવાનો શ્રેષ્ઠ સમય એટલે વિદ્યાર્થી જીવન–વિદ્યાર્થીનો બૌદ્ધિક, માનસિક અને શારીરિક વિકાસ કરવો એજ સાચું શિક્ષણ છે. વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ કરવો એ શિક્ષણનો ઉદ્દેશ્ય છે. આજનું બાળક આવતીકાલનો નાગરિક છે. તે ભાવિ સમાજનું બાળક આવતી કાલનો નાગરિક છે. તે ભાવિ સમાજનો નિર્માતા છે. વ્યક્તિના જીવનના ડગલે ને પગલે શિસ્તની જરૂર છે. શિસ્ત એ સામાજિક પાયો છે. શાળા એ એક નાનકડો સમાજ છે. શાળા એ સમાજ દ્વારા સંચાલિત ને સમાજની જ ગણી શકાય એવી સંસ્થા છે. શિસ્ત શબ્દનો સામાન્ય અર્થ આપણે નિયમપાલન કે આજ્ઞાપાલન એવો કરીએ છીએ. કોઈ પણ સંસ્થા કે સમાજની નિયમબદ્ધ અને સંવાદી પ્રવૃત્તિ તે શિસ્ત જે નિયમોનું પાલન કરવાથી શાંતિ અને વ્યવસ્થા જળવાઇ તે શિસ્ત. સામાન્ય રીતે પ્રાથમિક કક્ષાના બાળકો ચંચળ હોય છે. ક્યારેક તેઓ સારા નરસાનો ભેદ પારખી શકતા ન હોવાથી તેમનાથી ગેરશિસ્ત થઇ જાય છે. જો શિક્ષકનું અધ્યાપન કાર્ય અસરકારક અને રસપ્રદ ન હોય તો બાળકોને અધ્યયનમાં રસ પડતો નથી. પરિણામે ગેરશિસ્તના પ્રશ્નો ઊભા થાય છે.

શિસ્ત શબ્દનો સામાન્ય અર્થ આપણે નિયમપાલન કે આજ્ઞાપાલન એવો કરીએ છીએ. શિસ્ત માટે અંગ્રેજીમાં Discipline શબ્દ વપરાય છે. જે શબ્દ મૂળ લેટિન ભાષાના શબ્દ પરથી આવ્યો છે. Discipline એટલે શીખવું. જે પ્રક્રિયા શીખવામાં સહાયરૂપ થાય તે શિસ્ત છે. સંસ્કૃતમાં શિષ્ય શબ્દ શિસ્તનો દ્યોતક છે. સંગઠનના આગેવાન કે તંત્રના અધિકારીઓની આજ્ઞાઓનું પાલન કરવું તે શિસ્તનું મહત્ત્વપૂર્ણ અંગ છે. જો કેટલાક માણસૌ મળીને સામૂહિક કાર્ય કરવા ઇચ્છતા હોય તો તેમને માટે એ જરૂરી બની જાય છે કે કાર્યપૂર્તિ માટે અમૂક નિયમો તથા પોતાના ઉપરીની આજ્ઞાઓનું પાલન કરે. સંસ્થાની આચારસંહિતાનું પાલન કરવું તે શિસ્તનો ભાગ છે.

શાળા એ એક નાનકડો સમાજ છે. શાળા એ સમાજ દ્વારા સંચાલિત ને સમાજની જ ગણી શકાય તેવી સંસ્થા છે. શાળાનાં આંગણે શૈશવ સામાજિકતાના વાઘા ધારણ કરે છે. શાળાના વર્ગખંડોમાં સમાજની આવતીકાલ સમા નાગરિકો તેમનો બૌદ્ધિક વિકાસ સિદ્ધ કરે છે. શાળાના મેદાનોમાં સમાજના યૌવનને ખડતલ બનવાની તકો પૂરી પડાય છે. શાળાની જીવનલક્ષી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસનો માર્ગ સરળ કરી આપે છે. આવી અગત્યની સંસ્થા પોતાનું કાર્ય સરળ રીતે કરી શક તે માટે તેને શિસ્તની

આવશ્યક્તા ઊભી થાય છે. શિસ્ત અને શાળાના શૈક્ષણિક દર્શન વચ્ચે ગાઢ સંબંધ રહેલો છે.

**શાળામાં શિસ્તનું મહત્ત્વ :**

જીવનનું ઘડતર કરવાનો શ્રેષ્ઠ સમય એટલે વિદ્યાર્થી જીવન–વિદ્યાર્થીનો બૌદ્ધિક, માનસિક અને શારીરિક વિકાસ કરવો એ જ સાચું શિક્ષણ છે. વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ કરવો એ શિક્ષણનો ઉદ્દેશ્ય છે. આજનું બાળક આવતીકાલનો નાગરિક છે. તે ભાવિ સમાજનો નિર્માતા છે. વ્યક્તિના જીવનમાં ડગલેને પગલે શિસ્તની જરૂર છે. શિસ્ત એ સામાજિક પાયો છે. શાળામાં અને શિક્ષણ સંસ્થાઓમાં શિસ્તનો અભાવ અનેક સમસ્યાઓ સર્જે છે. વિદ્યાર્થીઓ વર્ગખંડમાં વ્યવસ્થિત ન બેસે, વર્ગ બહાર ગમે તેમ વર્તન કરે, સંસ્થાના નિયમો ન પાળે તો સંસ્થાનું વાતાવરણ ક્ષુબ્ધ બને છે. આવા ખળભળાટથી વિદ્યાર્થીઓ, શિક્ષકો, આચાર્ય અને સંચાલકો વચ્ચેની સંવાદિતા જોખમાય છે. આંદોલન હડતાલ કે ધાર્યું કરાવવાની બદીઓ શાળાની પ્રગતિને અવરોધે છે. શિસ્તબદ્ધતા જ શાળાને ધ્યેય તરફ ગતિશીલ રાખે છે. વિદ્યાર્થીઓ જો શિસ્તપાલનની ટેવ ન કેળવે તો એ નથી સારા નેતા કે નથી સારા અનુસરનાર બની શકતા. શિસ્તના અભાવે તેમનું નાગરિકત્વ ઘડાતું નથી. રાષ્ટ્ર માટે પણ શિસ્ત વિનાના આવા નાગરિકો આફત બની રહે છે. શિસ્તહીન શૈશવ એ આવતીકાલ માટે સારી એંધાણી નથી.

**શિસ્તનો અર્થ :**

કોઈપણ સંસ્થા કે સમાજની નિયમબદ્ધ અને સંવાદી પ્રવૃત્તિ તે શિસ્ત જે નિયમોનું પાલન કરવાથી શાંતિ અને વ્યવસ્થા જળવાય તે શિસ્ત.

શિસ્ત એટલે શિષ્ય બનવાની કળા.

જીવનને વધારે સુંદર અને વ્યવસ્થિત રીતે જીવવાની કળા એટલે શિસ્ત.

શિસ્ત એટલે હેતુસિદ્ધિ માટે વર્તન અને વ્યવહાર પર મૂકવામાં આવેલું નિયંત્રણ.

**મહાત્મા ગાંધીજીનાં મતે શિસ્ત એટલે :**

બાળવિકાસ માટે સ્વતંત્રતા મહત્ત્વની છે. શારીરિક સજા કે દંડનો પ્રખર વિરોધ કરે છે. સ્વતંત્રતા ખરી પણ સ્વચ્છંદતા નહી. આત્મશિસ્ત અને આત્મનિંત્રણ પર ભાર. સ્વૈચ્છિક શિસ્ત સ્વતંત્રતાની પ્રથમ સીડી છે. આથી શિસ્ત અંતરથી સ્ફૂરેલી હોય છે. બાળક પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ મેળવશે જેથી ગેરશિસ્તનો સવાલ જ ઊભો નહીં થાય, આમ ગાંધીજી પર્યાવરણ દ્વારા જ શિસ્તના આગ્રહી છે. ગાંધીજી વર્તમાન શિક્ષાત્મક વાતાવરણથી અસંતુષ્ટ હતા. તેઓ તો ગુરુકુળો અને ઋષિ આશ્રમનું પવિત્ર, વાત્સલ્ય અને સ્નેહભર્યું પર્યાવરણ ઇચ્છે છે. એ માટે પ્રકૃતિ અને ગ્રામ્ય વાતાવરણને તેઓ ઉત્તમ સમજે છે. શિસ્ત વિશેના તેમના ખ્યાલ કંઇક આવે છે.

- બાળવિકાસ માટે સ્વતંત્રતા મહત્ત્વની છે.
- આત્મશિસ્ત અને આત્મનિયંત્રણ પર ભાર મૂકવો.

- બહારથી લદાયેલી શિસ્તનો વિરોધ, સ્વનિયમન તથા વિનય દ્વારા આત્મશિસ્ત જ ઉત્તમ શિસ્ત.

**મહર્ષિ અરવિંદના મતે શિસ્ત એટલે :**

શ્રી અરવિંદ સ્વંય શિસ્તમાં માને છે. તેમના મતે આત્મનિયમન દ્વારા રાખેલી શિસ્ત વ્યક્તિના વિકાસમાં, વ્યક્તિત્વમાં અગત્યનો ફાળો આપે છે. આત્મસંયમ દ્વારા બાળક પોતાની મર્યાદાઓને પોતે જ નિવારવાનાં પ્રયાસો કરશે. વળી, બાળક સ્વયં જાત પર નિયંત્રણ રાખે એટલે તેની ઇચ્છાઓનું ઊર્ધ્વીકરણ યોગ્ય માર્ગે થશે. શિક્ષકે શિસ્ત માટે દબાણ કરવાનું નથી, માત્ર દિશા સૂચવવાની છે.

**ફ્રેડરિક ઓગસ્ટ ફ્રોબેલના મતે શિસ્ત એટલે :**

ફ્રોબેલ દમનવાદી શિસ્તના સખત વિરોધી હતા. બાળક પર બહારથી શિસ્ત લાદવામાં આવવું જોઇએ નહિ. શિસ્ત સ્વયંભૂ હોવું જરૂરી છે. બાળકો વિવિધ પ્રવૃત્તિઓ કરે, ક્રીડા કરે, વાર્તાઓ સાંભળે, ગીતો ગાય અને આકૃતિઓ બનાવે તેનાથી તેઓ વિવિધ ક્રિયાઓમાં આત્મસંલગ્ન થતા આપોઆપ તેમનામાં આત્મશિસ્ત યા સ્વનિયંત્રણનો પાદુર્ભાવ થશે. સાચી શિસ્ત ઉપરથી લાદવામાં આવતું નથી. બાળકો પોતાની જવાબદારી સમજીને પ્રવૃત્તિમાં વ્યસ્ત રહીને જાતે શિસ્તનું પાલન કરતાં થશે.

**ડૉ. મારિયા મોન્ટેસરીના મતે શિસ્ત એટલે :**

શિક્ષણ પ્રણાલીમાં સામૂહિક શિસ્તને મહત્ત્વનું સ્થાન આપવામાં આપવું જોઇએ નહીં એમ મોન્ટેસરી માનતા હતા. આત્માનુશાસન શિસ્તની અહીં હિમાયત કરવામાં આવી છે. સાચું શિસ્ત બહારથી લાદવામાં આવતું નથી. મોન્ટેસરીના મંતવ્યો મુજબ બાળકોને જવાબદારી સોંપો પ્રવૃત્તિ સોંપો, સ્વયં કાર્ય કરતા રહો. બાળકોની રસ–રૂચિ અનુસાર શિક્ષણનું આયોજન કરવામાં આવે તો ગેરશિસ્તના પ્રશ્નો ઊભાં થશે જ નહિ. શિક્ષણ પ્રણાલી એવી હોવી જોઇએ કે જેથી બાળકો પ્રવૃત્તિમા વ્યસ્ત રહી આત્મનિયમન કરે. સમજયુક્ત અને આત્મનિયમન જીવનમાં કાર્યબદ્ધતા, રચનાત્મક્તા અને નિર્ણયાત્મકતા લાવે છે.

**શિસ્તના પ્રકારો**

1. મુક્ત શિસ્ત કે સ્વયં શિસ્ત
2. પ્રભાવાત્મક શિસ્ત
3. દમનયુક્ત શિસ્ત

**મુક્ત શિસ્તના હિમાયતી એવા ભારતીય અને વિદેશી કેળણીકારો**

1. ભારતીય કેળવણીકારો : ગાંધીજી, રવીન્દ્રનાથ ટાગોર, મહર્ષિ અરવિંદ, ગિજુભાઈ બધેકા
2. વિદેશી કેળવણીકારો : રૂસો, ફ્રોબેલ, જહોન ડ્યૂઈ, મેડમ મોન્ટેસરી

**શાળામાં બાળકોની ગેરશિસ્ત માટે જવાબદાર પરિબળો આ મુજબ છે.**

1. કૌટુંબિક વાતાવરણની અસર
2. વિદ્યાર્થીઓનો બાળસહજ સ્વભાવ
3. શિક્ષકની અયોગ્ય અધ્યાપન પદ્ધતિ

**1. કૌટુંબિક વાતાવરણની અસર**

કુટુંબ બાળકની પ્રથમ સંસ્કાર ધરતી છે. બાળકની પ્રથમ ગુરૂ માતા છે. સામાન્ય રીતે બાળક શૈશવકાળમાં વધુ સમય ઘરમાં પસાર કરે છે. પરિણામે ઘરના સભ્યોનું અનુકરણ કરે છે. જો કુંટુંબની સભ્યોની રીતભાત, વાણીવર્તન યોગ્ય ન હોય તો તેની સીધી અસર બાળક પર જોવા મળે છે. કુટુંબમાં કલેશ, અતિશય કડક શિસ્ત વગેરે જેવી નકારાત્મક વૃત્તિઓની બાળકના મન પર નકારાત્મક અસર પડે છે, પરિણામે બાળકમાં ગેરશિસ્તનો ઉદ્ધભવ થાય છે, ક્યારેક ઘરના સભ્યો જુઠ્ઠું બોલતા હોય, અયોગ્ય વ્યવહાર કરતાં હોય, બાળકને પ્રેમ–હૂંફ ન આપતા હોય ત્યારે બાળકમાં ગેરશિસ્ત ઉદ્ધભવે છે.

**2. વિદ્યાર્થીઓનો બાળસહજ સ્વભાવ**

સામાન્ય રીતે પ્રાથમિક કક્ષાના બાળકો ચંચળ હોય છે. ક્યારેક તેઓ સારા નરસાનો ભેદભાવ પારખી શકતા ન હોવાથી તેમનાથી ગેરશિસ્ત થઈ જાય છે. બાળકોનો સ્વભાવ જિજ્ઞાસુ હોય છે. તેમનામાં કલ્પનાશક્તિ અને કૂતૂહલવૃત્તિ પ્રબળ હોય છે, જેના પરિણામે ક્યારેક ગેરશિસ્ત ઉદ્ધભવે છે. બાળકમાં આ ઉંમરે સંગ્રહવૃત્તિ જોવા મળે છે, જેના કારણે બીજાની વસ્તુ લેવા તે લલચાય છે. ક્યારેક બાળસહજ વર્તનના લીધે પણ ગેરશિસ્તના પ્રશ્નો ઊભા થાય છે.

**3. શિક્ષકની અયોગ્ય અધ્યાપન પદ્ધતિ**

જો શિક્ષકનું શિક્ષણકાર્ય અસરકારક અને રસપ્રદ ન હોય તો બાળકને શિક્ષણકાર્યમાં રસ પડતો નથી. પરિણામે વર્ગખંડમાં ગેરશિસ્તના પ્રશ્નો ઊભા થાય છે. ક્યારેક શિક્ષક ચીલાચાલુ પદ્ધતિથી ભણાવતા હોય, અતિ કડક શિસ્તનો આગ્રહ રાખે, વધુ પ્રમાણમાં ગૃહકાર્ય આપે તેવા સંજોગોમાં બાળકોમાં ગેરશિસ્તના પ્રશ્નો ઊભા થાય છે.

શાળામાં શિસ્તનાં ધોરણો કથળતાં જાય છે. શાળામાં વિદ્યાર્થીઓ એવા વર્તન–વ્યવહારો કરે છે કે જેથી શાળામાં ગેરશિસ્તનું વાતાવરણ સર્જાય છે. જેમ કે...

1. વિદ્યાર્થી વર્ગમાં સમયસર ન આવે.
2. વર્ગમાં શિક્ષણકાર્ય દરમિયાન વાતચીત કરે.
3. વર્ગમાં મારામારી કરવી.
4. નિયમિત સ્વાધ્યાય ન કરે.
5. સંસ્થાન નિયમોનું પાલન ન કરે.

**સમસ્યા**

**1) પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે બાળકોમાં ગેરશિસ્ત ભર્યા વર્તન–વ્યવહાર કેમ સર્જાય છે તેનો વિચાર કરી ઉપાય.**

ઉકેલ: વિદ્યાર્થીઓ સાથે પ્રેમ, હૂંફ અને સહાનૂભિતપૂર્વક વર્તન કરીશ.

વિદ્યાર્થીઓને શાળામાં આવવું ગમે, શાળાના નિયમો પાળવા ગમે તેવા વાતાવરણનું સર્જન કરીશ.

- વર્ગમાં વિદ્યાર્થીઓ પ્રત્યે પક્ષપાત નહીં રાખવું. સૌ વિદ્યાર્થીને સમાન ગણીશ.
- વિદ્યાર્થીઓની કેટલીક પાયાની જરૂરિયાતો સંતોષવા માટે વાલી, આચાર્ય અને શાળાના અન્ય શિક્ષકોનો સહકાર લઈ આવી જરૂરિયાતો પૂર્ણ કરવા પ્રયત્ન કરીશ.

**2) કેટલીક વાર શાળાઓમાં વિદ્યાર્થીઓ સમયસર આવી જાય છે, પણ વર્ગખંડમાં આવતો નથી.**

ઉકેલ : કેમ વિદ્યાર્થી વર્ગખંડમાં આવતો નથી તે જાણવું.

- મોડા આવવા માટેના સામાજિક કે આર્થિક કારણો જાણવા.
- તેને ઉકેલવા માટે સતત પ્રયત્ન કરવો.

**3) વર્ગમાં શિક્ષણકાર્ય દરમિયાન વાતચીત કરવી.**

ઉકેલ : શિક્ષણકાર્ય દરમિયાન વાતચીત કરવાનું વિનમ્રભાવે કારણ પૂછીશ.

- બાળકો સાથે અત્યંત કડકાઈ નહિ રાખતાં બાળસહજ, સ્વભાવગત ભૂલોને ક્ષમા આપીશ અને સમજપૂર્વક કામ લઈશ.
- વિદ્યાર્થીઓને સ્વતંત્રતા સામે અમૂક જવાબદારી સોંપી તેમનામાં સ્વયંશિસ્ત વિકસાવવા પ્રયત્નશીલ રહીશ.

**4) વર્ગમાં અને વર્ગ બહાર ગમે તેવું વર્તન કરે.**

ઉકેલ :આ સમસ્યા પાછળ કૌટુંબિક કારણો જવાબદાર છે કે કેમ તે જાણવું અત્યંત જરૂરી છે.

- વિદ્યાર્થીના વાલીને આ અંગે જાણ કરી જો શાળામાં મનોવિજ્ઞાનના શિક્ષકો હોય તો તેની પાસે લઈ જવો અથવા ગામમાંથી જ કોઈ શિક્ષક આવતા હોય તો તેમની પાસે આવા વિદ્યાર્થીની સમસ્યાનો ઉકેલ જાણી અને લાવવો.

**5) નિયમિત ગૃહકાર્ય ન લાવે.**

ઉકેલ :વિદ્યાર્થી નિયમિત ગૃહકાર્ય કેમ નથી લાવતો તેનું કારણ જાણવું

- નિયમિત ગૃહકાર્યથી થતાં ફાયદાની યોગ્ય માહિતી આપવી.
- વાલીને જાણ કરવી (નોટબુકમાં લખી) જાણ કરવી.
- કૌટુંબિક વાતાવરણ તો નથી અસર કરતું તે અંગે જાણવું.

**ઉપસંહાર :**

શિક્ષણ, વાલીઓ, મિત્રો અને સમાજ દ્વારા જો વિદ્યાર્થીને સલાહ–માર્ગદર્શન આપવામાં આવે તો ગેરશિસ્તનું પ્રમાણ કેટલેક અંશે ઓછું કરી શકાય.